ગાંધીનગર સમાચાર
તા. ૧૪-૨-૨૦૧૪, શુક્રવાર

તંત્રી સ્થાનેથી....

લોકશાહીનું મંદિર અભડાયું

તેલંગાણા મુદ્દે હિંસક બનેલા આંધ્રપ્રદેશના સાંસદોએ લોકસભામાં જે તોફાની તાંડવ કર્યું એથી દુનિયાની સૌથી મોટી લોકશાહી ગણાતા ભારત માટે તા. ૧૩ ફેબ્રુઆરી, ૨૦૧૪નો દિવસ કલંકિત દિવસ સાબિત થયો છે. આપણે ચૂંટીને દિલ્હી મોકલાવેલા સભ્યો હવે કઈ કક્ષાએ નીચે ઊતરી શકે છે એનું આ વરવું ઉદાહરણ છે. હવે કઈ કક્ષાએ નીચે ઊતરી શકે છે એનું આ વરવું ઉદાહરણ છે. એક સમય હતો જયારે ભારતીય સંસદ વિશ્વની લોકશાહી માટે એક આદર્શ ગણાતી હતી. આપણા સાંસદોમાં પં. જવાહરલાલ નહેરુથી લઈ મોરારજી દેસાઈ અને અટલબિહારી વાજપેયી સુધીના મહાન સાંસદો થઈ ગયા છે. સોમનાથ ચેટર્જી અને ઈન્દ્રજિત ગુપ્તા જેવા વિચારશીલ સાંસદો એવી પાર્ટીએ આપ્યા છે જે ખરેખર શેરીની લડાઈ લડવા માટે અને લાલ વાવટા ફરકાવી હિંસાની ભાષામાં વિશ્વાસ ધરાવતાં ભાષાબાજી માટે જાણીતી છે. એની સામે પ્રાદેશિક સ્તરે પણ ન ચાલી શકે એવાં તોફાની તત્વો મની અને મસલ પાવરના જોરે સંસદ સુધી પહોંચી જાય છે, તેનો તમાશો સંસદ ભવનને જોવા વારો આવ્યો છે. તેલંગાણાનો ઊકળતો ચરુ જો સંસદને લોહિયાળ બનાવી શકતો હોય તો આગામી ચૂંટણી દરમિયાન આંધ્રપ્રદેશની શેરીઓ લોહિયાળ નહીં બની રહે એની કોઈ ખાતરી આપી શકશે કે? સત્તર જેટલા સાંસદોને સસ્પેન્ડ કરી દેવા પડ્યા છે કારણ કે ગરિમાપૂર્ણ વર્તન કરવા ટેવાયેલાં બાબુ જગજીવનરામનાં સ્પીકર સુપુત્રીને કલ્પના પણ ન હતી કે કયારેક એમને પોતાની જ પાર્ટીની સરકારની દાનત ખોરી હોવા અંગે કડવી ટિપ્પણી કરવી પડશે. તેલંગાણા બિલ રજૂ થતું હતું તે સમયે એક સાંસદે મરચાનો સ્પ્રે ફેંક્યો તો બીજાએ ચપ્પુ કાઢ્યું. તેલુગુ દેશમના સાંસદ કહે છે કે મેં માઈક ફેંક્યું હતું, ચપ્પુ નહીં. પરંતુ એથી એમનો ગુનો નાનો બની જતો નથી. કમલનાથે પણ સ્પીકરની જેમ જ આજના દિવસને કલંકરૂપ ગણાવ્યો છે. મરચાના સ્પ્રે થી કેટલાક સાંસદોની તબિયત બગડી ગઈ તો તેલુગુ દેશમના એક સાંસદે કોઈ શંકાસ્પદ ચીજ ખાઈ લીધી અને સંસદના વેલમાં જ બેહોશ થઈને ઢગલો થઈ ગયા. સીમાંધ્રના સાંસદો કોઈ પણ સંજોગોમાં તેલંગાણા બિલ પસાર થવા દેવા માગતા નહોતા પરંતુ એ માટે એમણે જે રસ્તો અપનાવ્યો તે તદ્દન બિનલોકશાહી પદ્ધતિવાળો હતો. સુષમા સ્વરાજે આખી ઘટના અંગે દોષનો ટોપલો કોંગ્રેસના શિરે ઢોળી દીધો છે. એમના પક્ષ સહિત એ પોતે પણ તેલંગાણાનું સમર્થન કરતાં રહ્યા છે. તેલંગાણા આંદોલન બેઉ મુખ્ય પક્ષો માટે વોટ બેંકનો ઈશ્યુ બની રહ્યું હતું. તેલુગુ દેશમ એક તરફ અખંડ આંધ્રની તરફેણ કરે છે, બીજી તરફ એ મોદી સાથે સાંઠગાંઠ કરી આંધ્ર માંથી ઓસરી ગયેલી ઈમેજ સુધારવા પ્રયાસ કરી રહેલ છે. કોંગ્રેસના છ સાંસદોને એમની ગેરશિસ્ત બદલ આગલા જ દિવસે પાર્ટીમાંથી સસ્પેન્ડ કરાયા હતા. કોંગ્રેસના જ આંધ્રપ્રદેશના મુખ્યમંત્રીએ તેલંગાણા બિલ સામે ધરણાં માંડ્યા છે. પરંતુ સરકારે તેલંગાણા બિલ મુદ્દે મકક્મ વલણ અપનાવી કોઈપણ સ્થિતિમાં બિલ રજૂ કરવાનો સંકલ્પ કરી લીધો હતો. આ સંકલ્પ પાર પાડતાં એના મોઢે લોહીના કોગળા આવી ગયા છે. વડાપ્રધાન મનમોહનસિંહ માટે સંસદનું છેલ્લુ સત્ર બાકીની જિંદગી માટે એક કડવી, દુઃખદ સ્મૃતિ બની રહેલ છે. દેશના નાગરિકો માટે એના સાંસદો વિશેની ભ્રમણાનું ભ્રમનિરસન થઈ જવા પામ્યું છે. ભારતીય સંસદની આવી દુર્દશા જોઈને બંધારણના ઘડવૈયા ડૉ. બાબા સાહેબ આંબેડકરથી લઈ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી સુધીની વિભૂતિઓ અને સ્વાતંત્ર્યસેનાનીઓનો આત્મા જયાં હશે ત્યાં રાતાં પાણીએ રોતો હશે એમાં શંકા ખરી?

હૈયાની થાઉં ધડકન

આંખોમાં તારી રહેવા કાજલનું થાઉં અંજન!
લજ્જા એ તારી જોવા ગાલોનું થાઉં ખંજન!
ગર થાય ઈચ્છા નાજુક બાંહોને થામવાની,
વિધવિધ એ તારાં રંગીન કંકણની થાઉં ખનખન!
શ્યામલ ઘટા સમી એ ઝુલ્ફો સંવારવાને,
તારી એ વેણી કાજે નાનું હું થાઉં ઉપવન!
બુલબુલ સમી એ તારી સૂરાવલિને સુણવા,
મસ્તીસભર પ્રણયનું તારું હું થાઉં ગુંજન!
દિલહર એ તારા નર્તન સાથે સદાય રહેવા,
થાયે વિચાર દિલને, પાયલની થાઉં ઝનઝન!
એક જ ફકત તમન્ના ઉરમાં રહી છે મારા,
સાથી બની હું તારા હૈયાની થાઉં ધડકન!

- ભરત કવિ 'ઊર્મિલ'

ગાંધીનગર સાહિત્ય સભા અને ગુજરાત સાહિત્ય અકાદમીના સંયુકત ઉપકમે સે-૧૬ સ્થિત બ્રહ્મભવન ખાતે સાહિત્ય પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. સાહિત્યસભાના અધ્યક્ષ દોલત ભટ્ટની ઉપસ્થિતિમાં યોજાયેલા પરિસંવાદ દરમિયાન સંસ્કૃત સાહિત્ય વિષય પર હેમાંગીની ઘુઘરાવાળા તેમજ વસંતભાઈ ગઢવીએ રસપ્રદ વ્યાખ્યાન આપ્યું હતું.

રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ અંતર્ગત ડિબેટ સ્પર્ધા યોજાઈ

શહેરની ૨૧ શાળાના ૪૨ વિદ્યાર્થીઓ જોડાયા

ગાંધીનગર, તા. ૧૩

વિજ્ઞાનના વિષય સાથે સંકળાયેલી નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ અંતર્ગત સમગ્ર ફેબ્રુઆરી માસ દરમ્યાન વિજ્ઞાનલક્ષી કાર્યક્રમો યોજી રહ્યા છે. જે અંતર્ગત ગઈકાલે ડીબેટ સ્પર્ધા યોજવામાં આવી હતી.

સેક્ટર-૨૩ ગાંધીનગર ખાતેની નિસર્ગ સાયન્સ સેન્ટર બાળકોમાં વિજ્ઞાનલક્ષી અભિગમ કેળવાય, વિજ્ઞાનને સમજે અને જીવનમાં ઉપયોગી થાય તેવા કાર્યક્રમો વર્ષ દરમ્યાન અવારનવાર આયોજન કરે છે.

દેશના મહાન વૈજ્ઞાનિક ડૉ. સી.વી. રામનના જન્મ દિવસને રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ તરીકે મનાવવામાં આવે છે. ત્યારે નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા ગઈકાલે સરસ્વતી શિશુ મંદિર સેક્ટર-૧૭ ખાતે વૈજ્ઞાનિક સ્વભાવનું ઉત્તેજન વિષય પર ડીબેટ સ્પર્ધા યોજવામાં આવી હતી.

સ્પર્ધામાં શહેરની ૨૧ પ્રાથમિક શાળાઓના ૪૧ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ વિજ્ઞાન વિષયક ડીબેટ સ્પર્ધામાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ પ્રશ્નોની આપ-લે કરી હતી.

જેમાં સરસ્વતી શિશુમંદિરના આચાર્ય અને નિસર્ગ સેન્ટરના ટ્રસ્ટી, અનિલભાઈ પટેલ, કો-ઓડિનેટર હાર્દિક મકવાણા, શિવાંગ પટેલ અને હરિસિંહ માજીરાણા ઉપસ્થિત રહ્યા હતા. સેન્ટરના ટ્રસ્ટી અનિલભાઈએ વિદ્યાર્થીઓને વૈજ્ઞાનિક વિચારધારા હેઠળ રાષ્ટ્રનો વિકાસ થઈ શકે છે તેમ જણાવ્યું હતું.

ડીબેટ સ્પર્ધામાં ભાગ લીધેલા વિદ્યાર્થીઓને ઈનામ આપવામાં આવ્યા હતા. જેમાં પ્રથમ ક્રમે સેંટ ઝેવિયર્સ ધો. ૮માં અભ્યાસ કરતી પંકિત પ્રજાપતિ, બીજા ક્રમે આર.એન. પટેલ સ્કૂલની શ્રેયા ઓઝા અને ત્રીજા ક્રમે સેંટ ઝેવિયર્સની સંજના બત્રા વિજેતા થયા હતા.

'સમન્વય' કાવ્ય સંગીત સમારોહમાં મુખ્યમંત્રીની પ્રેરક ઉપસ્થિતિ

ગાંધીનગર, તા. ૧૩

ગુજરાત યુનિવર્સિટી કન્વેશન સેન્ટર ખાતે સમન્વય પ્રસ્તુત કાવ્ય સંગીત સમારોહ-૨૦૧૪માં મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સંગીત ક્ષેત્રની આપણી ધરોહરનું ગૌરવ કરવા આહવાન કર્યું હતું.

આપણી પાસે સંગીતની મોટી ધરોહર છે. આપણી પાસે દરેક ઋતુ, દરેક પ્રહરનું સંગીત છે તેમ જણાવી મુખ્યમંત્રીશ્રીએ સંગીત અને સાહિત્ય ક્ષેત્રે નિત્ય નવો ઓપ આપનારા સૌ કલાકાર-કસબીઓને અભિનંદન પાઠવ્યાં હતાં.

સંગીતકારો-કલાકારોને ગૌરવ પ્રેરિત કરવાનો આ અવસર છે તેમ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું. પત્ર એ સાહિત્યની એવી કૃતિ છે કે જેમાં ઈતિહાસ સમાયેલ હતો. પરંતુ મોબાઈલ યુગને કારણે તેમાં ઉણપ આવી છે છતાં ટેકનોલોજીના વ્યાપ અને વિસ્તારે સાહિત્ય પ્રવૃત્તિને વધુ બળવત્તર બનાવી છે. દૂરસુદરના સામાન્ય માનવીમાં સાહિત્યનું મોટું ફલક તૈયાર થયું છે. નેટિઝનોની દુનિયામાં લોકોમાં અખૂટ ઉર્મિઓ પડી છે જે ભવિષ્યમાં સાહિત્યમાં ઉપયોગી થશે તેમ જણાવી મુખ્યમંત્રીશ્રીએ તેને પણ ચેનલાઈઝ કરવા અનુરોધ કર્યો હતો. સંગીતની આપણે મોટી વિરાસત ધરાવીએ છીએ પરંતુ ભારતીય સંગીતને આપણે વિશ્વને બતાવી શકયા નથી ત્યારે તેનો સાક્ષાત્કાર વિશ્વને કરાવવા અનુરોધ કરતાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, પશ્ચિમનું સંગીત તનને ડોલાવે છે.

શ્રી મોરારીબાપુએ ઉગતા કવિ, કલાકારોને પોંખવાનું પ્લેટફોર્મ સમન્વયે પૂરું પાડ્યું છે તે બદલ અભિનંદન આપતાં જણાવ્યું હતું કે, દરેક ક્ષેત્રે સુરાગ, શબ્દાર્થ, વિચારાર્થ, સદભાવાર્થ અને સંસ્કારાર્થ દ્વારા સમન્વય સાધી શકાય છે.

આ અવસરે મુખ્યમંત્રીશ્રી અને મંચસ્થ મહાનુભાવોના હસ્તે શ્રી રાવજીભાઈ પટેલ એવોર્ડ કવિતા ક્ષેત્રે ભાવેશ ભટ્ટ અને સંગીત ક્ષેત્રે દીપાલી સોમૈયાને તથા ક્રૂસ્વર્ગસ્થ અવિનાશ વ્યાસ સુગમ સંગીત એવોર્ડ હંસાબેન દવેને એનાયત કરાવમાં આવ્યો હતો. પ્રસંગે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના શ્રી પરિમલભાઈ નથવાણી, યુવક, સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગના સચિવ ભાગ્યેશભાઈ જહા, વિક્રમભાઈ પટેલ તથા કલારસીકો, નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયાં હતા.

શિવકથામાં આજે શિવ વિવાહ યોજાશે

ગાંધીનગર, તા.૧૩

કોલવડા ગામના લાલઘર માતાજીના મંદિર ખાતે શિવ મહાપુરાણ કથાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. શિવકથામાં આવતા વિવિધ કાર્યક્રમો કરવામાં આવી રહ્યા છે. ત્યારે આજે બપોરે ૩-૦૦ કલાકે શિવવિવાહનો ભવ્યાતિભવ્ય કાર્યક્રમ યોજવામાં આવશે. શિવકથા સંજયભારતી બાપુની વ્યાસપીઠે યોજાઈ રહી છે. શિવ વિવાહ પ્રસંગમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા ભાવિ ભકતોને જણાવવામાં આવ્યું છે.

સિદ્ધાર્થ લો કોલેજમાં વકતૃત્વ તથા રંગોળી સ્પર્ધા

ગાંધીનગર, તા.૧૩

સિદ્ધાર્થ લો કોલેજમાં વકતૃત્વ સ્પર્ધા તથા રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો તેમ આચાર્યશ્રી ડૉ. દિલીપભાઈ મેવાડાએ જણાવેલ છે.

હરિની દૃષ્ટિ...

પ્લીઝ ભાઈ આજે ડીસ્ટર્બ ન કરીશ, લગ્ન પછી પહેલીવાર મારી સાથે વેલેન્ટાઇ ડે ઉજવવા રાજી કરી છે...!!

અડાલજની માણેકબા પ્રાથમિક શાળાનો વાર્ષિકોત્સવ

ગાંધીનગર, તા.૧૩

શ્રીમતી માણેકબા પ્રાથમિક શાળા અડાલજનો વાર્ષિકોત્સવ માણેકબા વિનય વિહારમાં ઉજવાયો હતો. બાળકોએ લાવણી નૃત્ય, નાટક, એક પાત્રીય અભિનય દ્વારા રમઝટ બોલાવી હતી.

દોઢ કરોડના ખર્ચે નિર્માણ પામેલ પ્રાથમિક શાળામાં કુદરતી આચ્છાદિત હરિયાળા વૃક્ષો આકર્ષણનું કેન્દ્ર બનેલ છે. ૬૪૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. ધો-૮ના વિદ્યાર્થી અમિષા પુરોહિતનું શ્રેષ્ઠ વિદ્યાર્થી તરીકે સન્માન કરવામાં આવ્યું હતું.

ટ્રસ્ટીશ્રી સૌભાગ્ય ચંદ શાહે સુંદર કાર્યક્રમ કરવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. કાર્યક્રમમાં સંસ્થાની અન્ય સંસ્થાઓ જોડાઈ હતી. સેક્રેટરીશ્રી બિપીનભાઈ શાહ, સરપંચશ્રી પુનમભાઈ ભુરિયા તથા ગ્રામજનો હાજર રહ્યા હતા. આચાર્ય શ્રી નિકિતાબેન પાઠકે સંચાલન કર્યું હતું.

આજે વેલેન્ટાઈન ડે પર કહો 'આઈ લવ યુ ભારતમાતા'

નેશનલ ફર્સ્ટ ફાઉન્ડેશન દ્વારા ભારતમાતા પ્રત્યે પ્રેમ પ્રદર્શિત કરવા કરાયેલી અનોખી પહેલ

ગાંધીનગર, તા. ૧૩

વેલેન્ટાઈન ડે એટલે પ્રેમ, સમર્પણ અને પ્રતિબદ્ધતાનો સમન્વય. માત્ર કોઈપણ વ્યક્તિ પ્રત્યે જ નહી પરંતુ દરેક જીવ, સૃષ્ટિના કણ કણ પ્રત્યે પ્રેમ દર્શાવવાની અનોખી પ્રથા. આ વિચાર સાથે રાષ્ટ્રહિતને વરેલા વિચાર મંચ 'નેશન ફર્સ્ટ ફાઉન્ડેશન' દ્વારા વેલેન્ટાઈન ડે પર ભારતમાતા પ્રત્યે પ્રેમ, સમર્પણ અને પ્રતિબદ્ધતા વ્યક્ત કરવા દરેક ભારતીયને અનોખા કાર્યક્રમ 'ભારતમાતા આઈ લવ યુ'નું આયોજન કરવા હાંકલ કરાઈ છે. નેશન ફર્સ્ટ દ્વારા ગુજરાતમાં ૩૫ જગ્યાએ આ અનોખા કાર્યક્રમનું આયોજન કરેલ છે.

નેશન ફર્સ્ટ ફાઉન્ડેશન દ્વારા આ અનોખા કાર્યક્રમ માટે પુરતી સહાય પુરી પાડવામાં આવશે. કોઈપણ વ્યક્તિઓ કે યુવાનોના સમુહને આ કાર્યક્રમ યોજવાની ઈચ્છા થાય તો નેશન ફર્સ્ટ દ્વારા તેમને જરૂરી સાધનસામગ્રી પુરી પાડવામાં આવશે. આ કાર્યક્રમમાં ૧૪મી ફેબ્રુઆરીએ કોઈપણ સમયે ગામ-નગર-મહાનગરના કોઈપણ ચોકમાં ભારતમાતાની છબી સાથે મંડપરૂપી

પ્રેમમંદિર ઉભુ કરાશે, ત્યાં ભારતમાતા પ્રત્યે પ્રેમ દર્શાવવા કોઈ પણ વ્યક્તિ માતાના ચરણોમાં ફુલ અર્પણ કરીને 'આઈ લવ યુ ભારતમાતા'નો ઘોષ કરશે. મા ભારતી પ્રત્યેનો પ્રેમ દર્શાવવા માટે ફકત ફુલ જ હોય તેવું જરૂરી નથી. મિઠાઈ, ચોકલેટ, પુસ્તક, પુષ્પમાળા, તિલક, પૂજન, અગરબત્તી, દીપ અથવા કોઈપણ વસ્તુ અથવા પોતાની લાગણીઓ અર્પણ કરી ભારતમાતા પ્રત્યેની ભક્તિ-નિષ્ઠા પ્રદર્શિત કરી શકાશે.

નેશન ફર્સ્ટના એકમો જે જે શહેરમાં જ્યાં જ્યાં છે ત્યાં આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ ઉપરાંત સંસ્થાના દરેક સભ્ય પોતાના નિવાસસ્થાને કે વ્યવસાય સ્થાન પર ભારતમાતાની છબી દૈનિક પૂજા કે પ્રાર્થના કરે છે. આવું કરવાથી ભારતમાતા પ્રત્યે નિષ્ઠા અને તે પ્રકારનું સંસ્કાર ઘડતર થાય છે. સ્વેચ્છીક રીતે કોઈપણ ભારતીય નાગરિક આ કાર્યક્રમમાં જોડાઈ શકે છે તેવું આ કાર્યક્રમના પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટર કિરણ પટેલે જણાવ્યું હતું.

'ભારત માતા આઈ લવ યુ' કાર્યક્રમ માટે પ્રેમ મંદિરને સજાવવા 'આઈ લવ ભારતમાતા' લખેલા સ્ટીકર્સ, બલૂન્સ વગેરે ચીજવસ્તુઓ સંસ્થા દ્વારા આપવામાં આવે છે. આ વસુતોને વ્યક્તિ પોતાના વાહન કે કપડાં વગેરેને શણગારવા પણ ઉપયોગ કરી શકે છે.

ગુજરાત વિદ્યાપીઠ સંચાલિત ગો-સંવર્ધન કેન્દ્ર સાદરા ખાતે તાલુકા પંચાયત ગાંધીનગર મિશન મંગલમ યોજના દ્વારા મહિલા જાગૃતિની પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. સખી મંડળની ૨૫૦ મહિલાઓને ડેરી ઉદ્યોગની તાલીમ આપવામાં આવી હતી. મહિલાઓ ડેરી ઉદ્યોગ દ્વારા સ્વનિર્ભર થઈ સ્વમાનભેર જીવન નિર્વાહ કરી શકે છે તેમ પશુપાલન વિષય નિષ્ણાત પ્રો. રમેશભાઈએ મહિલાઓને જણાવ્યું હતું.

Wow Valentine...!!! પ્યારા પ્રેમીને પર્સનલ 'ગિફ્ટ' પેક...!!!

ફ્રૂલને પૂછવામાં આવ્યું, 'તે તો બસ ખૂશ્બુ જ આપ્યા કરી છે, તેમાં શું મળ્યું?' ફ્રૂલે કહ્યું, 'આપીને લેવું એ તો વેપાર છે, જે આપીને કંઈ ના માગે તે પ્યાર છે'

'તુમ અગર સાથ દેને કા વાદા કરો...' જેવા રોમેન્ટીક ગીતો જો મનમાં વાગતાં થાય તો સમજવું કે ૧૪ ફેબ્રુઆરીને વેલેન્ટાઈન ડે નજીકમાં જ છે. અને પ્રેમ એટલે, પ્રેમ એટલે પ્રેમ છે. તારો ને મારો બંનેનો સેમ છે જેવો કવિતાની પંક્તિઓ ફૂટવા માંડે તો તો સમજવું કે આપણે ખૂબ નસીબદાર છીએ. એટલે હવે આપણાં પ્રેમને પર્સનલ ટચ તો આપવો જ પડે ને? પ્રેમમાં વળી શેનું પ્લાનિંગ? આપણી પોતાની વ્યક્તિને જે કાંઈ કરીએ આપીએ એમાં ઉત્સાહ-ઉમંગ હોય એટલે પત્યું, જેવી વાતો અને જમાનો હવે આઉટ ડેટેડ ગણાય છે. આજે યંગસ્ટર્સ કપલ વ્યવસ્થિત પ્લાનિંગ કરીને, એકબીજાને મનગમતી, પસંદિતા વસ્તુનો વિચાર કરીને રોમેન્ટીક બનીને સેલિબ્રેશન કરે છે.

આજકાલ સૌની પાસે સમયની સમસ્યા છે અને એમાંય કંઈક જોરદાર કરવાની ઈચ્છા થાય અને એય પાછું પોતાના વેલેન્ટાઈન માટે તો આજકાલ સબસે હીટ શું છે? એની જરા યાદી અહીં પ્રસ્તુત છે, આ વાંચીને તમને ખ્યાલ આવશે કે આમાં થોડોક પર્સનલ તડકા મારીને તમે પોતે પણ આ હીટ લીસ્ટમાંથી ઘણું બધું પ્લાન કરી શકો છો. સો ટ્રાય ધીસ એન્ડ બી રોમેન્ટીક!

હાર્ટશેપ લૉલીપોપ: ચોકલેટ ગિફ્ટ આપવામાં શું નવીનતા છે? બર્થ ડે હોય કે કોઈ ખાસ દિવસ, રિઝલ્ટ હોય કે પરીક્ષા, અરે કોક ગેટવેલ સુન કે ફીલ ગુડ કહેવાય. ચોકલેટ અપાય છે. એટલી હદે આ ચોકલેટો ચવાઈ ગઈ છે. આમાં તો આપનારાને આનંદ મળે કે ખાનારો ને. પણ નાનપણમાં આપણને કોઈ લોલીપોપ આપતું પેલી સ્ટીકવાળી તો કેટલી મજ્જા પડતી? આ વખતે વેલેન્ટાઈનમાં હાર્ટ શેપવાળી લોલીપોપ આપવાની આઈડિયા એકદમ હીટ છે. એકદમ સરસ ડેકોરેટીવ સળી, એને સેટીનથી લપેટી, ચકાચક નમણાં કાગળ અને એમાં લોલીપોપ રેડ હાર્ટ, એકદમ દિલ સજાવીને આપ્યું જેવું લાગશે.

ફુડ ગિફ્ટીંગ : પેલા ટેડીબિયર, ડાન્સીંગ કપલ, સફેદ કબૂતર વગેરે... જૂના થઈ ગયા.. આજનો ટ્રેન્ડ છે ફુડ ગિફ્ટીંગ. એટલે શું? એટલે યાર તમારાં વેલેન્ટાઈનને એને મનગમતી ખાવાની વસ્તુ ગિફ્ટ કરવાની. કપકેક, ચૉકલેટ કૉફી, એની મનગમતી ડીશ આ બધું આમાં આપી શકાય. એમાં પેલી ચોકલેટ કે કૉફી પર પોતાની મનગમતી વ્યક્તિનું નામ કે ઈવન મેસેજ પણ લખી શકાય. એમાંય ટેસ્ટી ગિફ્ટ કરવું એ એકદમ ઈન વાત છે.ફુડ ગિફ્ટીંગનો આ વખતે જોરદાર ટ્રેન્ડ છે. જે કાંઈ મનગમતું હોય તે વ્યક્તિને દિવસમાં અમુક કલાકનાં અંતરે બે-ત્રણ વાર ગિફ્ટ કરી શકાય. એમાં પાણીપુરી, પિત્ઝા, ખમણ, દાલબાટી, ફ્રેન્ડી કંઈ પણ સજાવીને આપી શકાય. કહેવાય છે ને કે 'દિલ કા રાસ્તા પેટ સે હોકર ગુજરતા હૈ..'

ટાઈમ પાસ સાથ સાથ : એટલે શું? એકબીજા સાથે એકાદી શાંત રોમેન્ટીગ જગ્યાએ મસ્ત ફરવાં જવું, એટલે આમાં નવું શું? બધાંજ કપલ જતાં હોય છે એકબીજાને સમય ન આપી શકનારા, પ્રેમમાં પડેલાં, એંગેજ થયેલાં, નવા પરણેલાં, કપલ્સ એકદમ એકઝોટીક જગ્યા શોધતાં હોય છે. એવી જગ્યાએ જે મોટા ભાગનાને ખબર હોતી, જ્યાં કોઈ જતું નથી,

એકબીજાને ગિફ્ટ આપી ખિસ્સાનો ગરમાવો દુકાનદારનાં ગલ્લામાં જમા કરાવવાં કરતાં દુર જઈને રહેતાં જરા વધુ જ પોપ્યુલર છે.

લવલી લવલી ફોટો : આ આઈડિયાને કહે છે, કયુર કપલ પોટ્રેટ, એટલે વેલેન્ટાઈન ડે સેલિબ્રેશન માટે કેટલાંક કપલ એકાદો પ્રોફેશનલ ફોટોગ્રાફ સાથે લઈ જાય છે. એ ફોટોગ્રાફ આખો દિવસ એમની જોડે જ રહે છે. પેલાં બંને પ્રથમવાર મળેલી જગ્યા, પહેલીવાર જમેલી હોટેલ, પહેલવાર ફરવા ગયેલો પાર્ટ, નદી, કેનાલ, ટેકરી, ભોંયરા, ઝાડવાં, કોતરો, સાથે લઈ ફરેલી બાઈક કે કાર, એમની મનગમતી વાતો, કાયમની ચાની કિટલી, નાસ્તા-જમણની રેસ્ટોરન્ટ જેવી વાતોની સાંકળ રચતા જઈ ત્યાં ફરીને ત્યાંની ફોટોગ્રાફી કરતાં જવાનું. કયુટ કયુટ, લવલી-લવલી, ફની-ફની, ફોટોગ્રાફી કરતાં એક આખી લવસ્ટોરીનું શૂટીંગ તૈયાર થઈ જાય. ગયેલી પેલી જૂની ક્ષણો ફરી જીવી લેવાય અને લાઈફ ટાઈમનું એક જબરજસ્ત ગિફ્ટ કલેકશન બની જાય..

લવ કુપન્સ : ગિફ્ટ કુપન તો આજકાલ બધાં જ ભેટ આપે છે. મોટી બ્રાંડેડ દુકાન, ઑનલાઈન શૉપિંગની જેમ કુપનો ભેટ મળે છે એમ જ લવ કુપન પરસ્પર આપવાનો ક્રેઝ છે (એટલે કેટલાંય કપલ આવી કુપન્સ વેલેન્ટાઈન પ્લાનર્સ પાસેથી બનાવડાવી લે છે) આ લવ કુપનમાં શું હોય? આવનારાં વેલેન્ટાઈન ડે સુધીનાં પ્રોમિસ, જેમ કે તારાં બર્થ ડે પર હું એક કલકતી સાડી આપીશ. નવરાત્રીએ ચણીયા ચોળી, બર્થડે પર કાનની બુટ્ટીઓ, મેરેજ એનીવર્સરી પર જાતે રસોઈ બનાવીશ. ગમે તેટલાં અબોલા લઈશું હું સામેથી બોલીશ વગેરે વગેરે જે કાંઈ કરવું ગમે કે કરી શકાય હોય એવું જ અને જે બે જણાં વચ્ચે અંગત હોય એની લવ કુપન બનાવી એનું ગિફ્ટ પેક કરી.

સિંગ યોર સોંગ : વેલેન્ટાઈન ડે એ અનેક જણાંને ફલાવર વિથ મ્યુઝીક એવું સરપ્રાઈઝ પોતાનાં પાર્ટનરને આપવું ગમે છે. એટલે બંને જે હોટલનાં ટેબલે ગોઠવાયાં હોય ત્યાં એક મોટો બુકે આવે, અને એ મોટા ભાગે મ્યુઝીકલ કે મેસેજ રેકોર્ડર સાથે આવે, અથવા તો ગિટારીકટ બોલાવાય. એ બંનેને મનગમતાં ગીતો અથવા એકબીજાને ડેડીકેટ કરતાં ગીતો ગિટાર પર વગાડે અને આમ આ દિવસ સંગીતમય બની જાય .

આમાં આ બધું જો ખર્ચાળ લાગતું હોય તો, જાતે ગીત ગવાય, મોબાઈલમાં મનગમતું ગીત વગાડાય, એ ફિલ્મનાં ગીતો અપાય જેવાં ઘણાં ઓપ્શન ખુલ્લાં છે. ખરાં દિલથી સંગીત પીરસવું હોય તો માર્ગ તો મળી જ આવશે.

ગિફ્ટમાં બીજું શું નવું છે?- ચોલેટ, બલૂન, ટેડીબિયર, શૉપિંગ્સ, ઘડિયાળ અને હવે તો મોબાઈલ પણ ટીપીકલ ગિફ્ટ બની ગયાં છે.

આ વખતે જે તે વ્યક્તિ અત્યંત પર્સનલ વિચાર કરે છે. એટલે ગિફ્ટમાં ભેળ-રગડા પેટીસ, સ્પ્રિંગરોલ, ફ્રેન્કીથી લઈ વેસ્ટર્ન કપડાં પણ હોઈ શકે છે, પણ સૌથી પોપ્યુલર થઈ રહેલી ગિફ્ટની યાદી જરાં જુઓ કદાચ કામે લાગે.

કુશન- પીલો કવર : બંનેનો ફોટો હોય એવું એક ઓશિંકું જરાં વધારે જ પસંદ પડે છે. કપ : બંનેનો ફોટો, મેસેજ, શાયરી કે મેમરોબલ ફોટો સાથેનો કૉફી મગ વધારે પ્રમાણમાં લોકો બનાવી રહ્યાં છે.

પર્સનલ કેક : મનગમતાં આકારમાં, ફલેવર અને મેસેજ સાથેનાં કેક સુપરહીટ છે. કાટા-ખાયા ઔર યાદ કીયાં...

કોસવર્ડ : એકબીજાને સમજનારા, લવ કેમેસ્ટ્રી પ્રસ્તુત કરતાં કોસવર્ડ ખાસ બનાવવામાં આવે છે, એને ગિફ્ટ કરાય છે, આ છે પ્રેમનો નવો કોયડો..

એક પ્રોમિસ :

એકબીજા વચ્ચે તું તું મેં મેં.. તો હોય જ, પણ એક પ્રોમિસ પોતાનાં ગૃપનાં સૌની વચ્ચે આપવાનો પણ એ ટ્રેન્ડ છે...

ટૂંકમાં 'આંખો હી આંખો મેં ઈશારા હો ગયા...' નહીંમ ચાલે, કંઈક કરવું જ પડશે, આમ તો પ્રેમ રોજે જ થાય પણ અમુક વાર તહેવારની જેમ તિથિ-તારીખની મજા છે. એમ જ આ વેલેન્ટાઈનની મજા છે. બસ તો પછી નીકળી પડો તમારે શું કરવું છે એ નક્કી કરીને અને માણી લો.. 'પ્યાર કે દો ચાર દિન' હેપ્પી વેલેન્ટાઈન ડે...